**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૮.૫ ડીગ્રી
લઘુતમ : ૨૮.૦ ડીગ્રી
ભેજ
સવારે ૭૨ ટકા ● સાંજે ૪૭ ટકા

# શહેરમાં ભાવ વધારાના પગલે પેટ્રોલ-ડીઝલના વપરાશમાં ઘટાડો

ગાંધીનગર, તા.૯

ગાંધીનગરમાં પેટ્રોલ-ડીઝલની કિંમતમાં સતત ભાવવધારો થતા નાગરિકોને મોંઘવારીનો માર સહન કરવાનો વારો આવ્યો છે. શહેરમાં પેટ્રોલમાં ૨૪ પૈસા અને ડીઝલના ભાવમાં ૨૮ પૈસા પ્રતિ લીટર બદલાયા છે. ગાંધીનગરમાં પેટ્રોલનો ભાવ રૂપિયા ૯૨.૭૧ અને ડીઝલની કિંમત પ્રતિ લીટર દીઠ રૂપિયા ૯૩.૩૧ની વિક્રમી સપાટીને પાર પહોંચી ગઈ છે. દરરોજ ૬ કલાકે કિંમતમાં ફેરફાર થાય છે. એટલે કે સવારે ૭ કલાકથી નવા દર લાગુ થઈ જાય છે. ગાંધીનગર સમાચારે શહેરના પેટ્રોલપંપોની મુલાકાત લઈ નાગરિકો સાથે વાતચીત કરી, જેમાં ગાંધીનગરના રહીશોએ જણાવ્યું કે, પેટ્રોલ-ડિઝલના ભાવથી વાહન ચલાવવું મુશ્કેલ થઈ ગયું છે. પેટ્રોલ-ડિઝલના ભાવ વધતા સરકાર સામે શહેરના નાગરિકોમાં રોષ પણ જોવા મળી રહ્યો છે. લોકોએ સાયકલ ચલાવવાનું સારું રહે તેવું જણાવ્યું હતું. ભાવવધારાના કારણે કેટલાક નગરજનોએ સારા ઉદાહરણો પણ આપ્યા હતા જેમ કે, આજુબાજુમાં રહેતા પાડીશોઓ જે એક જ ઓફિસમાં નોકરી જતા હોય તો બે વાહન લઈ જવાના બદલે એક જ વાહનનો ઉપયોગ કરી શકે છે. જોવા જઈએ તો આ બધી તકલીફ ગરીબ-મધ્યમ વર્ગને જ પડે છે. બે નંબરના ધંધા કરતા હોય તેવા વર્ગને મોંઘવારી કે ભાવવધારાની કોઈ અસર થાય નહીં.

ગાંધીનગર સ્થિત પેટ્રોલપંપોની મુલાકાત બાદ જાણવા મળ્યું કે પેટ્રોલ-ડિઝલના ભાવ વધવાથી પેટ્રોલ પંપો પર વાહનોની સંખ્યામાં ઘટાડો જોવા મળી રહ્યો છે. ઈન્ફોસીટી, કુડાસણ, મહાત્મા મંદિર, સેકટર-૧ લેક વગેરે જવા જાહેર સ્થળો પર રાત્રી દરમિયાન નબીરાઓ ફરતા હતા તેમની સંખ્યામાં કેટલાક અંશે ઘટાડો જોવા મળી રહ્યો છે. હવે, નાગરિકો કામ વગર ફરતા હતા રાત્રે તે બંધ થઈ ગયું હોય તેવું વર્તાઈ રહ્યું છે. રાત્રીના ૮ વાગ્યા પછી વાહનોની સંખ્યા માર્ગો પર ઓછી જોવા મળી રહી છે જેનું કારણ પેટ્રોલ-ડીઝલના ભાવ પણ હોઈ શકે છે. ગાંધીનગરના રહીશો ગાડી કે ટુ વ્હીલર ખરીદવાનું ટાળી રહ્યા છે. મોટા ભાગના લોકો સરકારી વાહનોનો ઉપયોગ કરી રહ્યા હોય તેવું પણ જોવા મળી રહ્યું છે. થોડા દિવસો પછી પેટ્રોલ-ડીઝલના ભાવ સેન્ચ્યુરી વટાવી જાય તેવું લાગી રહ્યું છે.

●●●

સેકટર-૨૧ના પેટ્રોલ પંપમાં ૧૬ વર્ષ પહેલા નોકરી ચાલુ કરી હતી અને ત્યારે મારો પગાર ફકત ૮૦૦ રૂપિયા હતો પછી ઘ-૨ પેટ્રોલપંપમાં નોકરી ચાલુ કરી હતી અત્યારે ૯૦૦૦ રૂપિયા પગાર મળે છે. પેટ્રોલ-ડીઝલનો ભાવ વધવાથી મોટાભાગના લોકોને કાંઈ જ ફરક પડતો નથી તેવું લાગી રહ્યું છે. અમારે ત્યાં પહેલાની જેમ જ લોકોની ભીડ પેટ્રોલ-ડીઝલ માટે ચાલુ જ છે.

**- સૂરજ યાદવ**
**વિધિ પેટ્રોલ પંપ, ઘ-૨**

●●●

પેટ્રોલ-ડીઝલના ભાવ વધે કે ઘટે વાહન ચલાવવું તો પડે જ. મારા મમ્મી હમણાં અમદાવાદ કોરોના હોસ્પિટલમાં દાખલ છે. અમારે રોજ બે વખત અમદાવાદ જવાનું થાય છે. એટલે પેટ્રોલ-ડિઝલનો ભાવ જોવા જઈએ તો મેળ પડે એમ નથી. પણ સરકારે આ રીતે ભાવ વધારો ન કરવો જોઈએ. આર્થિક રીતે લોકો ગરીબ થઈ જશે.

**- દિવ્યેશભાઈ પટેલ (ગ્રાહક)**




●●●

પેટ્રોલ પંપ પર વાહનોની સંખ્યા ઓછી થઈ રહી છે. પેટ્રોલ-ડીઝલના ભાવ વધારાની આકસ્મિક અસરથી નાગરિકોને અસર કરશે. કોરોનામાં લોકડાઉનના કારણે ઘણું બધું નુકશાન ભોગવી ચુકયા છીએ અને હવે ભાવ વધારાના કારણે પેટ્રોલ-ડીઝલની આયાતમાં ઘટાડો થઈ ગયો છે.

**- જયેશભાઈ બારોટ (માલિક)**
**જયબજરંગ પેટ્રોલ પંપ, ઘ-૫**

●●●

ભાવમાં સતત વધારો થાય છે તેથી અમારા ત્યાં ગ્રાહકોની સંખ્યામાં ઘટાડો જોવા મળી રહ્યો છે અને રાત્રી કરફયુ હોવાથી કામ વગરના સાધનો જે પહેલા ફરતા હતા તેમ હવે કોઈ જોવા જ નથી મળતું અમને પગાર પણ ઓછો આપવામાં આવે છે.

**- નરનારાયણ પેટ્રોલ પંપ (વર્કર)**

## સે-૧૪ના જાહેર બગીચામાં મૃત કુતરું ત્રણ દિવસ સુધી નહીં ઉપાડાતા દુર્ગંધનો માહોલ

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગરના સેક્ટર-૧૪માં જાહેર બગીચામાં એક કુતરું કોઈ કારણથી મરી જતાં તેને ઉપાડી જવા માટે સ્થાનિકો દ્વારા વહીવટીતંત્રમાં



જાણ કરવા સતત પ્રયાસો કરવામાં આવ્યાં હતા પરંતુ ત્રણ દિવસ જેટલો સમય વીતવા છતાં કોઈ ઉકેલ આવ્યો નહોતો. બીજી તરફ કુતરાનો મૃતદેહ સડવા લાગતા સમગ્ર બગીચા સહિત આસપાસના વિસ્તારમાં દુર્ગંધ ફેલાઈ જવા પામી છે. જેના કારણે નજીકમાં રહેતા રહીશો તથા બગીચાની આસપાસથી પસાર થતાં રાહદારીઓ અને વાહનચાલકો પણ પરેશાનીનો ભોગ બની રહ્યા છે. સ્થાનિક જાગૃત યુવાન દ્વારા મૃત પશુઓના નિકાલ માટે વહીવટીતંત્ર દ્વારા જે નંબર ફાળવેલો છે તેના પર અનેકવાર કોલ કરવામાં આવ્યાં હતા પરંતુ આ ફોન કોઈ ઉપાડતું નથી તેવું તેનું કહેવું છે. જો સત્વરે આ કુતરાનો મૃતદેહ ત્યાંથી ઉપાડીને તેનો નિકાલ નહી કરાય તો આ વિસ્તારમાં રોગચાળો ફેલાવાનો ખતરો છે, તેથી તેના નિકાલ સાથે તે સ્થળને જંતુનાશક દવાનો છંટકાવ કરી સેનેટાઈઝ્ડ કરવું પણ જરૂરી જણાઈ રહ્યું છે.

## લો, હવે ખ-માર્ગની ફૂટપાથી હાલત બિસ્માર બની....!!





ગાંધીનગર, તા.૯

ગાંધીનગર શહેરને એક તરફ સ્માર્ટ સિટી બનાવવા કવાયત હાથ ધરવામાં આવી છે પરંતુ બીજી તરફ શહેરના વિકાસ કાર્યો ગુણવત્તાની દૃષ્ટિએ સાવ બોદા હોવાનું અવારનવાર પુરવાર થઈ રહ્યું છે. તાજેતરમાં જ કમોસમી વરસાદના પગલે ઘ-૪ સર્કલે કરોડોના ખર્ચે વિકસાવાયેલા અંડરપાસની ગુણવત્તા બાબતે પોલ ખુલી જવા પામી છે. હવે માંડ અંદાજે પાંચેક માસ પૂર્વે જ ખ-માર્ગ પર ખ-૧થી ખ-૨ વચ્ચે સે.૪ પાસે બનાવાયેલી ફુટપાથ પણ ખૂબ જ સામાન્ય વરસાદમાં પણ ઝડપથી તુટી જતાં તેમાં પણ ભ્રષ્ટાચાર આચરાયો હોવાની બૂ શહેરીજનોને આવી રહી છે. શહેરમાં જે રીતે એક પછી એક વિકાસ કાર્યો તદ્દન નબળી ગુણવત્તાના હોવાનું ખૂલી રહ્યું છે તેની પાછળ જે તે સમયે વહીવટકર્તા સત્તાધીશો દ્વારા કોન્ટ્રાક્ટ આપવામાં સગાવાદ ચાલતો હોવાની જે રાવ ઉઠી રહી છે તે સાચી હોવાનું પ્રતિત થઈ રહ્યું છે ત્યારે શહેરીજનોએ હવે કોને ફરિયાદ કરવી તેવા સવાલો ખડા કરી રહ્યાં છે.

## ગ્રામ ઉદ્યોગ સેવા સંસ્થાન ગોડાઉનના તાળા તોડી એર કન્ડિશનરની ચોરી

### ચોર ઈસમો ૩ એસી ચોરી કરી ભાગી ગયા

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર નજીક આવેલા ઉવારસદ ગામે સ્થિત ગ્રામ ઉદ્યોગ સેવા સંસ્થાના ગોડાઉનના તાળા તોડીને તસ્કરો એર કન્ડિશનર ચોરીને લઈ ગયા છે. અડાલજ પોલીસ મથકે ફરીયાદ નોંધાતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ દેવનંદન પરિસર વિભાગ -૧ ખાતે રહેતા દુર્ગા પ્રસાદ ગુપ્તા ઉવારસદ પશુ દવાખાના સામે ગ્રામ ઉદ્યોગ સેવા સંસ્થાન નામની વોશીંગ મશીન પાઉડર બનાવવા સહિત વિવિધ ચીજોની ડિસ્ટ્રીબ્યુટર ચલાવી રહ્યા છે. અગાઉ ઉવારસદ વૃંદાવન બંગ્લોઝ ખાતે ભાડે રહેતા હતા બાદમાં ઘર ખાલી કરી દેતા તેમા રહેલા ૩ એસી લાવીને પોતાના ગોડાઉનમાં મુક્યા હતા.ગત તા.૫ જુનના રોજ બપોરના અરસામાં ગોડાઉન બંધ કરીને દુર્ગાપ્રસાદ ઘરે ગયા હતા. ત્યારબાદ બીજા દિવસે સંસ્થામાં રવીવારની રજા હોવાથી તેઓ તા.૭ જુનના રોજ સંસ્થા ખાતે ગયા હતા. જયાં ગોડાઉનના લોખંડના દરવાજાનુ તાળુ તુટેલુ જોઈ તેઓ ચોંકી ઉઠ્યા હતા. જયારે ગોડાઉનમા અંદર જઈ તપાસ કરતા સામાન વેર વિખેર હાલતમાં પડ્યો હતો. ચોર ઈસમો ૩ એસી ચોરી કરી ભાગી ગયા છે ત્યારે બનાવ અંગે દુર્ગા પ્રસાદ દ્વારા અડાલજ પોલીસ મથકમાં ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

## દિવંગત શ્વસુરને શ્રદ્ધાંજલી માટે પુત્રવધુએ ચકલીના માળાનું વિતરણ હાથ ધર્યુ

ગાંધીનગર, તા.૯

માર્ગ અને મકાન વિભાગના નિવૃત કાર્યપાલક ઈજનેર જે.કે.સુથારનુ તાજેતરમાં ટૂંકી માંદગી બાદ ૮૬ વર્ષની વયે અવસાન થવા પામ્યું છે. તેમના પર્યાવરણ પ્રેમી પુત્રવધુ કુસુમબેન સુથારે સ્વર્ગસ્થ શ્વસુરની શ્રદ્ધાંજલી માટે ચકલીના માળાનુ વિતરણ કરવાનો પ્રસ્તાવ મુકતા પરિવારે તે સ્વિકાર્યો અને પ્રથમ માળો વતન આખજના ઘરે લગાવ્યો હતા. જેમાં બીજા જ દિવસે ચકલીની અવરજવર ચાલુ થઈ જતા દિવંગતના આત્મા આ જોઈ સંતોષ અનુભવી રહ્યા હશે અને પૂરો પરિવાર પણ દુઃખની પળમાં સંતોષની લાગણી અનુભવી રહ્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે પર્યાવરણપ્રેમી કુસુમબેન તેમણે કરેલા સૂચન મુજબ એક ખાસ



ડિઝાઈનના માળાનુ વિતરણ તેમના નિવાસ સ્થાન સેકટર ૭એ પ્લોટ નં. ૩૧૪/૧ ખાતેથી કરી રહ્યા છે તેમજ આ સાથે સુખ કે દુઃખના સમયને પણ પર્યાવરણની જાણવણીમાં પરિવર્તિત કરી શહેરીજનોને એક સકારાત્મક પ્રવૃતિનો સંદેશ આપી રહ્યા છે.

## આવા વૃક્ષારોપણ કરતા તો છોડ નર્સરીમાં જ રહે તે વધુ સારું...!!!

**સે-૪એ ખાતે રાજકીય નેતાઓ દ્વારા વિશ્વ પર્યાવરણ દિવસે કરવામાં આવેલા વૃક્ષારોપણની માત્ર ચાર જ દિવસ પછી થયેલી બદતર હાલતથી પર્યાવરણ પ્રેમીઓમાં રોષ : વૃક્ષારોપણ કરતી વખતે ખૂબ ફોટા પડાવી સોશિયલ મીડિયા પર વાહવાહી લૂટી પરંતુ વાવેલા છોડનું જતન ભૂલ્યાં અને વધેલા છોડ જેમના તેમ ફેંકી દેવાયાં..!**







ગાંધીનગર, તા.૯

તાજેતરમાં સમગ્ર ગાંધીનગરમાં વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી ખુબ જ જોરશોરથી કરવામાં આવી હતી જેમાં જાગૃત પર્યાવરણપ્રેમી નાગરિકો તેમજ સ્વૈચ્છિક સંસ્થાઓ ઉપરાંત રાજકીય પાર્ટીઓ દ્વારા પણ વૃક્ષા રોપણના કાર્યક્રમો કરવામાં આવ્યા હતા. જોકે રાજકીય પાર્ટીઓ દ્વારા કરવામાં આવેલા આયોજનોમાં વૃક્ષારોપણ કરતા ફોટા પડાવવાનું મહત્ત્વ વધારે હોય તેવું સ્પષ્ટ જણાઈ આવતું હતું અને માત્ર વૃક્ષો વાવવાના દેખાડા કરી અને પ્રજાને ગેરમાર્ગે દોરવા સાથે બીજી તરફ સત્તાના મદમાં વિકાસકાર્યોના નામે વૃક્ષોનું નિકંદન કાઢતાં આ રાજકીય પક્ષોનું વૃક્ષારોપણ કેવું હોય છે તે સેકટર-૪એમાં ભાજપ દ્વારા કરવામાં આવેલા વૃક્ષારોપણની અત્યારની હાલત ઉપરથી સ્પષ્ટ જોઈ શકાય છે.

વિશ્વ પર્યાવરણ દિવસે સે-૪એ ખાતે યોજાયેલા વૃક્ષારોપણ કાર્યક્રમમાં સ્થાનિક ભાજપના નેતાઓએ ખુબ જ જોરશોરથી ફોટા પડાવ્યા હતા અને સોશિયલ મીડિયા પર પર્યાવરણ દિવસની ઉજવણી કર્યાની પોસ્ટ મૂકીને વાહવાહી લૂંટી હતી પરંતુ માત્ર ચાર જ દિવસમાં આ સ્થળે કરાયેલા વૃક્ષારોપણનું જાળવણી તેમજ ટ્રી ગાર્ડના અભાવે છોડવાઓનું તો નિકંદન નીકળી ગયું છે પરંતુ ફોટા પડી ગયા બાદ મોટી સંખ્યામાં નર્સરીમાંથી લાવેલા અને વાવ્યા વગર રહેવા દીધેલા છોડ એક બાંકડાની ઓથમાં જેમના તેમ પડી રહેવા દઈને છોડી દેવામાં આવ્યાં હતાં. આ વૃક્ષારોપણ ભાજપના પૂર્વ સ્થાનિક કોર્પોરેટર પ્રવિણાબેન વોરાની આગેવાનીમાં કરવામાં આવ્યુ હતુ જેની બદતર હાલત જોઈને પર્યાવરણ પ્રેમીઓમાં રોષ ફાટી નીકળ્યો છે અને સોશ્યલ મીડિયા પર પર્યાવરણ પ્રેમીઓ પ્રતિભાવ આપી રહ્યા છે કે 'જો તમારે ખરેખર વૃક્ષોનું જતનથી ઉતરવા જ ના હોય અને આ રીતે છોડ નષ્ટ પામે તેવી બેદરકારી દાખવવી હોય તો મહેરબાની કરીને વૃક્ષારોપણ કરશો નહીં અને છોડને નર્સરીમાં જ રહેવા દો તે વધુ સારું રહેશે.'

## જન્મદિને વધામણી



**મહેન્દ્રકુમાર પી. સુતરીયા**
**મો. ૯૯૭૪૬ ૯૨૨૪૨**



**કિરીટ પ્રજાપતિ**
**મો. ૮૪૦૧૮ ૯૩૬૭૮**



**મિહીર ગૌરવ પરમાર**
**મો. ૬૩૫૬૦ ૩૫૯૨૯**



**પટેલ માનવ પરાગભાઈ**
**મો. ૯૯૨૪૫ ૪૯૫૦૩**

## ગાંધીનગર ખાતેના ગુજરાત સાહિત્ય સંગમનું આભાસી કવિ સંમેલન યોજાયું

ગાંધીનગર, તા.૯

વિશ્વ પર્યાવરણ દિન નિમિત્તે તા. ૫મી જૂનના રોજ ગાંધીનગર ખાતેના ગુજરાત સાહિત્ય સંગમ દ્વારા 'કાવ્ય રંગ પ્રકૃતિને સંગ' યોજાઈ




ગયું. જેનો શુભારંભ કવિ નટવર હેડાઉ વનવિહારી દ્વારા કરવામાં આવ્યું હતું. આ કાવ્યગોષ્ઠિમાં ગુજરાતી ભાષાના લબ્ધપ્રતિષ્ઠિત અને નવ ઉન્મેશી સર્જકોની તરોતાજા રચનાઓનો રસથાળ પ્રસ્તુત કરવામાં આવ્યો હતો. જેમાં સતીન દેસાઈ 'પરવેઝ', રવિન્દ્ર પારેખ, યોસેફ મેકવાન, પ્રતાપસિંહ ડાભી 'હાકલ', દિનેશ દેસાઈ, રવજીભાઈ ગાબાણી, પારૂલ બારોટ, પીયૂષ ચાવડા, નિપુણ ચોકસી, બીનલ પટેલ, નિરંજન શાહ, સુમંત શાહ, ભીખુ કવિ, નરેન્દ્ર પંડયા, મણીલાલ શ્રીમાળી, કલ્પેશ પટેલ, જયંત ડાંગોદરા વગેરેએ તેમની રચનાઓ પ્રસ્તુત કરી હતી.

## ચિરવિદાય

**● મુકિતધામ ●**

- **સ્વ. પટેલ દિપકકુમાર અમરાભાઈ,** ઉ.વ. ૩૫, નાનાચેખલા, સા.કાં.
- **સ્વ. પરમાર કમળાબેન નટવરલાલ,** ઉ.વ. ૭૫, સેકટર-૪
- **સ્વ. ગોહિલ સંગાબેન લક્ષ્મણજી,** ઉ.વ. ૬૫, બોરૂ, માણસા
- **સ્વ. પ્રજાપતિ શાંતાબેન મણીલાલ,** ઉ.વ. ૯૦, ઉનાવા
- **સ્વ. પરમાર અમૃતલાલ માનાભાઈ,** ઉ.વ. ૬૫, સેકટર-૨૭

## સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિના નગરનું જનજીવન નિરસ

### કોરોનાના કારણે થિયેટરો, હોલ બંધ : સામાજિક-સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ પર બ્રેક લાગતા શહેર સાવ નિરસ લાગે છે

ગાંધીનગર, તા.૯

રાજયના પાટનગર ગાંધીનગરને રાજકીય પ્રવૃત્તિઓ ઉપરાંત સામાજિક સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ જીવંત બનાવે છે. જો કે કોરોનાના કારણે આ બધી જ પ્રવૃત્તિઓ પર બ્રેક આવી ગઈ છે. આ પ્રવૃત્તિઓ બંધ રહેતા શહેરનું જાહેર જીવન જાણે સાવ નિરસ બની રહ્યું છે.

ગાંધીનગરમાંથી સમગ્ર રાજયનો વહીવટ થાય છે. સરકારના અગત્યના નિર્ણયો ઉપરાંત તમામ રાજકીય પ્રવૃત્તિઓનું આ શહેર કેન્દ્ર છે પરંતુ છેલ્લા કેટલાક વર્ષોમાં આ શહેરે સાંસ્કૃતિક નગરી તરીકેનું સ્થાન આપમેળે ઉભું કર્યું છે. નાટકો, સંગીત અને નૃત્યના



કાર્યક્રમો ઉપરાંત સાહિત્યક કાર્યક્રમો આ શહેરની ઓળખ બન્યા હતા. નવરાત્રીની ઉજવણી તો એટલા ઉત્સાહથી કરવામાં આવતી હતી કે છેક અમદાવાદથી પણ ખેલૈયાઓ પરંપરાગત નવરાત્રીની ઉજવણી માટે ગાંધીનગર આવતા હતા. શહેરની સામાજિક-સાંસ્કૃતિક પ્રવૃત્તિઓને માણવા આસપાસના શહેરના નાગરિકો ઉમટી પડતા હતા.

પરંતુ માર્ચ ૨૦૨૦માં થયેલા કોરોનાના આક્રમણે નગરના ચેતનને જ જાણે હણી લીધું. સિનેમાઘરો, બાગ-બગીચાઓ અને હરવા ફરવાના સ્થળો બંધ રહેતા શહેરનું જનજીવન જાણે થંભી ગયું છે. શાળાઓ-કોલેજો બંધ રહેતા બાળકો-યુવાનોની અવરજવર વગરના માર્ગો સુમસામ લાગે છે. સામાજીક દૂરીના નિયમોનું પાલન કરવાના કારણે સામાજીક, સાહિત્યિક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ પર પણ બ્રેક લાગી ગઈ છે.

ગુજરાતના સૌથી મોટા તહેવાર ગણાતા નવરાત્રીની ઉજવણી એકદમ સાદાઈથી કરવામાં આવી હતી. નાટકો અને સંગીતના કાર્યક્રમો છેલ્લા દોઢ વર્ષથી યોજાયા જ નથી. શહેરના મોટાભાગના હોલ બુકીંગ વિનાના સુના પડયા છે. સામાજિક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ બંધ રહેતા શહેરના જનજીવનમાં જાણે સાવ નિરસતા આવી ગઈ છે. પુનઃ જનજીવન અગાઉની જેમ કયારે જીવંત અને ધબકતું બને તેની રાહ નાગરિકો જોઈ રહ્યા છે.